૩૦૦ લોકો પાસેથી બે -બે લાખ રૂપિયા લઇ ગૌશાળાના નામે ૨૦૧૪માં રસીદ અપાઇ હતી

પ્લોટ મુદ્દે વિલંબ થતા લોકો પોલીસ સ્ટેશનને દોડી ગયા

આક્રોશ શિણાયમાં પોલીસ રક્ષણ સાથે જમીન સમથળ કરવાની કામગીરી કરાતા ભોગગ્રસ્તોએ ન્યાયની માગ કરી

। ગાંધીધામ ।

શિણાયમાં પ્લોટ અપાશે તેવી વાત કહીને અંદાજે વર્ષ ૨૦૧૪માં ૩૦૦ જેટલા લોકો પાસેથી બે-બે લાખ રૂપિયા લેવામાં આવ્યા હતા. જોકે આજ સુધી કોઈ કાર્યવાહી થઈ નથી. આ દરમિયાન જે તે સમયે ગૌશાળાના નામે રસીદ આપવામાં આવી હતી. આજે શિણાય-અંજાર રોડ પર સમાજવાડીની જમીન સમથળ કરવાના મુદ્દે પોલીસ રક્ષણ સાથે થયેલી કાર્યવાહી પછી અસરગ્રસ્તો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. આદિપુર પોલીસ સ્ટેશને ભોગ બનેલા લોકો દોડી ગયા હતા અને આવેદનપત્ર આપી પોતાની ફરિયાદ રજૂ કરી હતી.

વર્ષ ૨૦૧૪માં ગૌશાળા નામે રસીદ આપવામાં આવતી હોવાને લઈને જે તે સમયે મોટા પ્રમાણમાં ઉહાપોહ થયો હતો. આ દરમ્યાન પ્લોટ મેળવવાની ઈચ્છા રાખતા લોકોએ પણ આ બાબતે રસીદ માનીને સંતોષ માન્યો હતો. ત્યારબાદ બે લાખ ગુમાવવા પડે તેવી સ્થિતિ ઊભી થતા હવે લડાયક મૂડમાં આવી ગયા હોય તેમ જણાય છે.

અગ્રણીના નામનો ઉલ્લેખ કરીને રજૂઆતમાં તેમણે બે-બે લાખ રૂપિયા લીધા હોવાનો આક્ષેપ કરી પ્લોટ આપવામાં આવ્યો નથી તેવો

આક્રોશ વ્યક્ત કરીને હજુ પણ બીજા બે લાખ રૂપિયા માંગી રહ્યા છે તેવો દાવો અસરગ્રસ્તો દ્વારા કરીને આજે રાજકીય ઈશારે કામગીરી થઈ રહી હોવાના આરોપ સાથે વિરોધ નોંધાવી ભોગ બનેલા લોકોએ આદિપુર પોલીસ સ્ટેશનને પહોંચી રજૂઆતો કરી હતી. પોલીસને આપેલી અરજીમાં જણાવાયું હતું કે, જે જમીનમાં ગામ લોકોને ફાળવવામાં આવેલા પ્લોટમાં સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે તકેદારીના પગલાં ભરવા માગણી કરવામાં આવી હતી.

આ તકે, બેઠક પણ યોજાઈ હતી. જેમાં સમાજના આગેવાનો દ્વારા રજૂઆતો કરવામાં આવી હતી.

પરસેવાની કમાણી ગુમાવવી પડે તેવી સ્થિતિ

આદિપુર પોલીસ સ્ટેશન પાસે એકત્ર થયેલા ભોગગ્રસ્તો પેકી કેટલાકે હૈયા વરાળ ઠાલવી હતી કે, પરસેવાની કમાણી એકત્ર કરી છે બે લાખ રૂપિયા તો આપ્યા હવે બીજા બે લાખ રૂપિયા લાવવા ક્યાંથી ? અગાઉ ત્રણ કરોડ રૂપિયા તો એકત્ર કરવામાં આવ્યા છે અને કાકાનું સ્વપ્ન પૂરું કરીશ તેમ કહીને ભત્રીજાએ ચૂંટણીમાં મત પણ માગ્યા હતા. તેની વાતમાં આવીને મોટા પ્રમાણમાં મતદાન કરીને ચૂંટાવી દીધા હતા.

લેન્ડગ્રેબિંગ એક્ટ તળે કાર્યવાહીની માગ

પૂર્વ કચ્છ વિસ્તારમાં અનેક સ્થળોએ દબાણો કરવામાં આવ્યા છે અને લેન્ડગ્રેબિંગ હેઠળ કાર્યવાહી પણ કરવામાં આવી છે. જોકે, ગાંધીધામમાં પણ આવી રીતે કેટલાક કિસ્સાઓમાં તપાસ કરીને કેસ કરવામાં આવ્યા હતા. જમીન માફિયાઓના ત્રાસથી કંટાળીને લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે, તેવા સંજોગોમાં ભૂમાફિયાઓ સામે લેન્ડગ્રબિંગના કાયદાનો દંડો કેમ ઉગામાતો નથી આવતો તેઓ પણ પ્રશ્ન આજે ઉઠાવાયો હતો.

જખૌ મરીન પોલીસ દ્વારા નિર્જન ટાપુઓ પર પેટ્રોલિંગ કરાયું

માનવ રહિત દરિયાઈ ૨૧ ટાપુઓ પર જિલ્લા કલેક્ટરના જાહેરનામા સંદર્ભે જખૌ મરીન પોલીસ સ્ટેશનના પી.આઈ. ડી.આર.ચૌધરી, પીએસઆઈ વી.એમ.ડામોર તથા સ્ટાફ દ્વારા લુણા, ખીદરત, ઓગતરા જેવા નિર્જન ટાપુઓ પર બોટ વડે તેમજ ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. આ સાથે લોકોને જાહેરનામા અંગે જાગૃત કરવામાં આવ્યા હતા.

ભુજ તાલુકા પ્રા. શિક્ષક સમાજ દ્વારા આયોજન

મિરજાપરમાં પ્રાથમિક શિક્ષકોની ચાણક્ય ક્રિકેટ ટૂર્નામેન્ટનો પ્રારંભ

। ભુજ । (સંદેશ પ્રતિનિધિ)

ભુજ તાલુકા પ્રાથમિક શિક્ષક સમાજ દ્વારા તાલુકાના શિક્ષકો માટે આયોજિત ચાણક્ય કપ ક્રિકેટ ટૂર્નામેન્ટનો મિરઝાપરના ગોકુલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતેથી પ્રારંભ કરાયો હતો, જેમાં તાલુકાના વિવિધ ગ્રૂપોમાંથી ૧૬ ટીમે ભાગ લીધો છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષક સમાજના પ્રમુખ નયનસિંહ જાડેજા, હરિસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ જાડેજા વગેરેની ઉપસ્થિતિમાં વિલાસબા જાડેજાએ ટોસ ઉછાળી ટૂર્નામેન્ટનો પ્રારંભ કરાવ્યો હતો. આ તકે, વીરજ ઠક્કર, આચાર્ય સંઘના રણજિતસિંહ જાડેજા, હંસાબા ઝાલા, પુષ્પાબેન વરસાણી વગેરે હાજર રહ્યા હતા. પ્રારંભિક મેચ ગોરેવાલી અને ભીરંડિયારા ઈલેવન વચ્ચે રમાઇ હતી, જેમાં ગોરેવાલીની ૮ રને વિજય થયો હતો. ગૌરવ જોટવાને મેન ઓફ ધ મેચ જાહેર કરાયા હતા.



ટૂર્નામેન્ટ માટે ભૂપેશ ગોરવાણી, હરિભા સોઢા, મીનાબેન ભદ્રા, મયૂર ભાનુશાલી, અશોક જાટિયા, ચિંતન જોબનપુત્રા, જિતેન્દ્ર ઠક્કર વગેરેએ આર્થિક સહયોગ આપ્યો હતો. તાલુકા શિક્ષક સમાજના પ્રમુખ ઘનશ્યામસિંહ જાડેજા, મહામંત્રી મેઘુલ જોષીના માર્ગદર્શન હેઠળ ક્રાંતિ સુથાર, ગણેશ કોલી, ધવલ ત્રિવેદી, હાર્દિક ત્રિપાઠી, ઉત્તમ મોતા, જયેન્દ્રસિંહ ઝાલા, ગોરધન વાઘેલા વ્યવસ્થા સંભાળી રહ્યા છે.

માંડવીની મહિલાએ જીલ્લા કક્ષાની ચેસ સ્પર્ધામાં મેદાન માર્યું

। ભુજ । (સંદેશ પ્રતિનિધિ)

ભુજમાં ૪૦ વર્ષથી વધારે ઉમરવાળા માટે ખેલમહાકુંભમાં જિલ્લા કક્ષાની ચેસની સ્પર્ધામાં યોજાઈ હતી. જેમાં ૨૧ તાલુકા આઠમા વર્ષે જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર મેળવીને રંજનબેન યોગેશભાઈ ચંદારાણાએ માંડવી શહેરનું, પરિવારનું અને લોહાણા સમાજનું ગૌરવ વધાર્યું હતું. આ અગાઉ પણ રંજનબેન ચંદારાણા અનેકવાર ચેસની સ્પર્ધામાં ચેમ્પિયન બની ચુકયા છે. તેઓ લોહાણા સમાજની રાજયકક્ષાએ ચેસ સ્પર્ધામાં પણ ચેમ્પિયન રહી ચુકયા છે. હવે રંજનબેન રાજયકક્ષાએ યોજનારી સ્પર્ધામાં કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

બાતમીના આધારે વર્કઆઉટ કરી કરેલી કાર્યવાહી

કોઠારાની કેબલ ચોરીમાં સુથરી અને સાંયરાના શખસો ઝડપાયા

। ભુજ । (સંદેશ પ્રતિનિધિ)

કોઠારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં તાજેતરમાં બે સ્થળે પર થયેલી કેબલ ચોરીનો ભેદ ઉકેલવા માટે હાથ ધરવામાં આવેલી કાર્યવાહી દરમ્યાન પોલીસે બાતમીના આધારે સુથરી અને સાંયરા ગામના બે શખસોને ઝડપી લઈને રૂ.૧૨ હજારની કિંમતનો ૬૦ કિલો પવનચક્કીનો કોપર વાયરનો જપ્તી કબજે કર્યો હતો.

કોઠારા પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં થયેલી પવનચક્કીઓમાંથી કોપર વાયરની ચોરીના વણઉકેલાયેલા ગુનાઓનો ભેદ ઉકેલવા માટે પોલીસે હાથ ધરેલી કાર્યવાહીમાં મળેલી ચોકકસ બાતમીના આધારે પોલીસે અબડાસા તાલુકાના સુથરી ગામના કાનજી ઘારૂ કોલીની અટક કરી હાથ

ધરેલી પુછપરછમાં તેમણે કોઠારા વિસ્તારની બીજી એક ચોરી અસલમ સુમરા સાથે કરી હોવાની કબુલાત આપી હતી. સાંયરા ગામના અસલમ હાસમ સુમરાની અટક કરીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે યુક્તિ પ્રયુક્તિ પૂર્વકની પુછપરછમાં કાનજી ઘારૂ પાસેથી રૂ.૧૨,૦૦૦ની કિંમતનો ૬૦ કિલો કોપર વાયરનો જપ્તી કબજે કર્યો હતો.

સમયસર નિદાન અને સારવાર કરાવવાથી કેન્સર મટી શકે છે

માંડવીના કેન્સર રિસર્ચ હોસ્પિસ સેન્ટરમાં કેન્સર દિવસની અનોખી ઉજવણી કરાઈ

કેન્સરના ૨૦ તેમજ અન્ય ૧૦ દર્દીઓને તપાસીને દવાઓ અપાઈ

। ભુજ । (સંદેશ પ્રતિનિધિ)

માંડવીમાં છેલ્લા ૩૧ વર્ષથી આરોગ્યક્ષેત્રે કામગીરી કરતી સંસ્થા જનકલ્યાણ મેડીકલ સોસાયટી સંચાલિત નવનીત કેન્સર રિસર્ચ હોસ્પિસ અને ડાયાલિસીસ સેન્ટર માંડવીમાં બે દિવસ નિઃશુલ્ક મેડિકલ કેમ્પો યોજીને વિશ્વ કેન્સર દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

કિરણભાઈ સંઘવીના પ્રમુખસ્થાનેથી બહેનો માટે સ્તન તથા ગર્ભાશયના મુખના કેન્સરનું નિદાનનો જાગૃતિનો કેમ્પ નિઃશુલ્ક કેમ્પ યોજાયો હતો. આ અંગે ડો. ચામીબેન પવાણીએ જણાવ્યું હતું કે, કેન્સર એટલે કેન્સલ નહીં, પરંતુ હવે સમયસર નિદાન સારવાર તેમજ દવા લેવાથી કેન્સર પણ મટી શકે છે. સંસ્થાના પ્રમુખ કિરણભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, વહેલું નિદાન આપે જીવનદાન.

આ કેમ્પમાં બહેનોને પેપ સ્મીયર ટેસ્ટ, સોનોગ્રાફી અને સ્તનની મેમોગ્રાફી નિઃશુલ્ક કરી અપાઈ હતી. જ્યારે દવા પ૦ ટકા રાહતભાવે અપાઈ હોવાનું અરવિંદભાઈ શાહ અને દિનેશભાઈ શાહે જણાવ્યું હતું. કાયાકલ્પ આયુર્વેદિક ઔષધાલય મેડોડા

રાજકોટના સહયોગથી યોજાયેલા નિઃશુલ્ક મેડિકલ કેમ્પમાં વૈદ્ય અર્જુનભાઇ રાજકોટવાલાએ કેન્સરને લગતા તમામ દર્દીઓને તેમજ જે દર્દીઓની કેમોથેરાપી ચાલુ હોય તથા રેડીયેશન ચાલુ હોય તેવા કેન્સરના ૨૦ અને અન્ય ૧૦ દર્દીઓને તપાસીને પોતાના તરફથી આયુર્વેદિક દવાઓ નિઃશુલ્ક આપી હતી.

કેમ્પને સફળ બનાવવા અરવિંદભાઈ શાહ, દિનેશભાઈ શાહ, વી.કે. સોલંકી, નરોત્તમભાઈ પટેલ, ડો. શ્યામ ત્રિવેદી, ડો. જયેશ મકવાણા અને સ્ટાફે જહેમત ઉઠાવી હોવાનું શાંતિલાલ પટેલ, નિશોતભાઈ શાહ અને મહેશભાઈ કંસારાએ જણાવ્યું હતું.

પોતાને સાઈબર એક્સપર્ટ ગણતા આરોપી તરલ ભટ્ટે ત્રણ મોબાઈલ ફોન, પેન ડ્રાઈવ જપ્ત કરી દીધી

મહાતોડકાંડ : ટેક્નિકલ પુરાવાનો નાશ થઈ ગયા બાદ હવે તપાસનો 'ધમધમાટ'

એટીએસ તપાસમાં ગોથે ચડી, બેંક ખાતા અનફ્રીઝ થયા હોય તેવા લોકોના નિવેદન લેશે ?

। અમદાવાદ ।

ફ્રિઝ કરેલા બેંક ખાતા અનફ્રિઝ કરવા માટે લાખો રૂપિયાની તોડ કરવાની જૂનાગઢ પોલીસની મોડસ ઓપરેન્ડીની તપાસ કરી રહેલી એટીએસને આરોપીએ ફાંફે ચડાવી દીધી છે. સાઈબર એક્સપર્ટ ગણાતા સસ્પેન્ડેડ પીઆઈ તરલ ભટ્ટે પોતાની ધરપકડ પહેલા જ કેસના મહત્વના પુરાવા ગણાતા ટેક્નિકલ ઈકવીપમેન્ટ ગાયબ કરી દીધા છે. આરોપીએ ત્રણ મોબાઈલ ફોન અને મહત્વના ડેટા સાથેની બે પેન ડ્રાઈવ ગૂમ કરી દેતા એટીએસના અધિકારીઓ પાસે હવે ફોર રસ્તો બચ્યો નથી. ગુજરાત એટીએસ હવે તોડકાંડનો આંકડો શોધવા માટે ૩૮૬ બેંક એકાઉન્ટ ધારકોમાંથી ૩૬૦ બેંક એકાઉન્ટ ફ્રિઝ થયા તેવા લોકોને બોલાવી તેમના નિવેદન લે તેવી શક્યતાઓ જોવાઈ રહી છે. આ લોકોના નિવેદન પરથી સ્પષ્ટ થશે કે કોની પાસે

વર્ચ્યુઅલ નંબરથી વાત કર્યાની વિગતો મળી પુરાવા ગાયબ

સસ્પેન્ડેડ પીઆઈ તરલ ભટ્ટે દ્વારાબાવા વર્ચ્યુઅલ નંબરથી અનેક લોકો સાથે વાત કર્યાની વિગતો એટીએસને મળી છે. એટીએસના અધિકારીઓ આ વર્ચ્યુઅલ નંબરની વિગતો મેળવવા અને કોની કોની સાથે વાત કરી તે મેળવવાના પ્રયાસમાં લાગી છે. જોકે, આ મામલે પુરાવા ગાયબ થઈ ગયા છે. સૂત્રોના જણાવ્યા મુજબ, કોલ સેન્ટરનો સંચાલક વિશાલ આરોપીના સંપર્કમાં હોવાનું અને રાજ્યમાં પોલીસ બેડામાં મોટી વગ ધરાવતો હોવાની વિગતો મળી છે. તેનો ભાઈ પણ મોટા મોટા સિક્યુરિટી કોન્ટ્રાક્ટ મેળવતો હોવાની વિગતો મળી છે. બેંક એકાઉન્ટ ફ્રિઝ કેસમાં વિશાલના રોલ અંગે તપાસ થઈ રહી છે.

કેટલી રકમ માગવામાં આવી તેમજ એકાઉન્ટ અનફ્રિઝ કરવા માટે કોણે કેટલી રકમ ચૂકવી છે. પોલીસ ફરિયાદમાં બેંક ખાતું અનફ્રિઝ કરાવવા માટે અગાઉ લોકો ૨૦-૨૦ લાખ ચૂકવી ગયાની વિગતો કાર્તિક ભંડારીને ASI દીપક જાનીએ જણાવી હતી. એટીએસની તપાસમાં હજુ સુધી કેટલા લોકો પાસેથી કેટલા રૂપિયા પડાવવામાં આવ્યા તે બહાર આવ્યું નથી.

ગુજરાત એટીએસએ તરલ ભટ્ટની ધરપકડ કરી ૧૪ દિવસના રિમાન્ડની માગણી કોર્ટ સમક્ષ કરતા ચાર દિવસના રિમાન્ડ આપવામાં આવ્યા હતા. રિમાન્ડની માગણી કરતી એટીએસએ આરોપી ગોળ ગોળ જવાબ આપતો હોવાનું અને સમય પસાર કરતો હોવાનું જણાવ્યું હતું. સાઈબર એક્સપર્ટ અધિકારી તરીકે ગુજરાત પોલીસમાં જાણીતા પીઆઈ તરલ ભટ્ટે આ કેસમાં પોતાના બચાવ માટે ધરપકડ થાય તે પહેલાં મહત્વના પુરાવા ગાયબ કરી દીધા હતા. એટીએસએ આરોપીની ધરપકડ કરી ત્યારે તેની પાસેથી નવો ખરીદેલો મોબાઈલ ફોન સિમકાર્ડ વગરનો મળ્યો હતો. આમ અગાઉ જે ત્રણ મોબાઈલનો આરોપીએ ઉપયોગ કર્યો, તે ગાયબ હતા. આ ઉપરાંત બેંક એકાઉન્ટ ફ્રિઝ કર્યા તેનો ડેટા તેમજ બેંક તરફથી આવેલા ફ્રિઝ કરેલા બેંક ખાતાના કેવાયસી ડેટા પણ તરલ ભટ્ટે પેન ડ્રાઈવમાં રાખ્યા હતા. આ તમામ ડેટા સાથેની બે પેન ડ્રાઈવ તેમજ ત્રણ મોબાઈલ ફોન ગાયબ થતાં એટીએસ ફાંફે ચડી છે.

૧૫ કોમ્પ્યૂટર સેટ અને ૩ એન્ડ્રોઇડ ટીવી ફાળવાયા

રતાડિયા ગામની પ્રાથમિક શાળાના બાળકો કોમ્પ્યૂટરથી જ્ઞાન મેળવશે

। ભુજ । (સંદેશ પ્રતિનિધિ)

મુન્દ્રા તાલુકાના રતાડિયા ગામની પ્રાથમિક શાળામાં સ્માર્ટ કોમ્પ્યૂટર લેબનો પ્રારંભ કરાવાયો હતો. હવે રતાડિયાની શાળાના બાળકો કોમ્પ્યૂટરથી પોતાના જ્ઞાનનો વિકાસ કરી શકશે.

માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધભાઇ દવે દ્વારા રિબિન કાપીને સ્માર્ટ કોમ્પ્યૂટર લેબનો પ્રારંભ કરાવાયો હતો. પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોનું શિક્ષણ સ્તર ઊંચું લાવવા સરકાર દ્વારા ૧૫ કોમ્પ્યૂટરના સેટ ફાળવવામાં આવ્યા છે, ત્યારે તેનો મહતમ ઉપયોગ કરીને ઉચ્ચ

અભ્યાસ કરવા માટે શાળાના બાળકો સાથે ધારાસભ્યે વાતચીત કરીને તેમને પ્રોત્સાહિત કર્યા હતા. અગાઉ જ્ઞાનદુંભ પ્રોજેક્ટ અંતર્ગત બ્લેકબોર્ડ સાઈઝના ૩ એન્ડ્રોઇડ ટેલિવિઝન સેટ આપીને બનાવેલા સ્માર્ટ ક્લાસરૂમનો મહતમ ઉપયોગ થાય છે કે કેમ ? તે અંગે પણ ધારાસભ્યે શિક્ષકો સાથે પ્રશ્નોત્તરી કરીને જાણકારી મેળવી હતી.

કચ્છમાં વિવિધ સ્થળોએ જન જાગૃતિ કાર્યક્રમો યોજાયા

। ભુજ । (સંદેશ પ્રતિનિધિ)

ભુજના લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા કચ્છ જીલ્લામાં વિવિધ સ્થળોએ જન જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યાં છે. જેમાં ઉંઘ ન આવવી, ખોટા વિચારો આવવા, આત્મહત્યા સહિતનાં મુદ્દે જાગૃતિ કેળવાવાનો પ્રયાસ કરાઈ રહ્યા છે.

ભુજના લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા કચ્છ જીલ્લામાં વિવિધ સ્થળે માનસિક હતાશા, માનસિક બીમારી, માનસિક બીમારીના લક્ષણ, આત્મહત્યા જેવા બનાવો, મનની ચંચળતા હોય તેવા સંજોગો, ઉંઘ ન આવવી, ખોટા વિચારો આવવા જેવી માનસિકતા વિશે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે. આ કાર્યક્રમમાં સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર તેમજ જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જન જાગૃતિ માટે પ્રેરિત કરાઈ રહ્યા છે. આ સેવા કાર્યમાં સંસ્થાના કર્મચારીઓ તેમજ ટ્રસ્ટીઓ સહયોગી બન્યા હતા.

નરા પોલીસ સ્ટેશનની હાજીપીર આઉટ પોસ્ટનું લોકાર્પણ

નરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાજીપીર આઉટ પોસ્ટના નવનિર્મિત બિલ્ડીંગનું જિલ્લા પોલીસ અધિક્ષક મહેન્દ્ર બગડીયા તેમજ ધારાસભ્યના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાયબ પોલીસ અધિક્ષક બી.બી.ભગોરા, સી.પી.આઈ. એ.જે.ચૌહાણ, રીડર પીએસઆઈ આર.સી.ગોહિલ, નરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ વી.ડી.ગોહિલ, તેમજ સરપંચ, સામાજીક આગેવાનો, અગ્રણીઓ સહિતના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

લેણાં બાકી હશે તે સભ્ય સોસાયટીની મીટિંગમાં ભાગ નહીં લઈ શકે

ત્રણ માસથી વધુ મેન્ટેનન્સ બાકી હોય તે સભ્ય સોસાયટીમાં ડિફોલ્ટર ગણાશે : સુપ્રીમ કોર્ટ

। અમદાવાદ ।

ભોમ્બે પ્રપ્રોપ્રી ટ્રસ્ટ એક્ટ મુજબ તથા સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટ મુજબ રજિસ્ટર થયેલા ટ્રસ્ટના કેસમાં સુપ્રિમ કોર્ટે એક ચુકાદામાં ઠરાવ્યું છે કે ત્રણ માસથી વધારે મેન્ટેન્સ બાકી હોય તે સભ્યને સોસાયટીમાં ડિક્લેરર ગણવામાં આવશે. સુપ્રિમ કોર્ટની ખંડપીઠે નોંધ્યું છે કે, જે સભ્યોના લેણાં બાકી હશે તે સભ્ય સોસાયટીની મિટીંગમાં કે પ્રોગ્રામમાં ભાગ લઈ શકશે નહીં. સોસાયટી ડિક્લેરર સભ્યની કોઈ પણ જાતની ફરિયાદ સાંભળશે નહીં. સોસાયટીના મકાનની ટ્રાન્સફર ફી આપી ના હોય તે સોસાયટીના મેમ્બર્સ ગણાશે નહીં.

મુંબઈના નાગપુરમાં શિક્ષણ પ્રસારક મંડળ ૧૯૪૬ની સખાવતી સોસાયટી તરીકે સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટ હેઠળ નોંધાયેલ છે. સોસાયટીએ તેના નિયમો ઘડ્યા છે. પાછળથી સોસાયટીને બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ સાર્વજનિક ટ્રસ્ટ તરીકે રજિસ્ટર કરવામાં આવી હતી. સોસાયટીના નિયમો અને તેના પેટા-નિયમો તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા અને ટ્રસ્ટ એક્ટ હેઠળ યોગ્ય રીતે નોંધણી કરવામાં આવી હતી. આ ચુકાદો એવી સોસાયટી પર છે જે કો-ઓપ સોસાયટી એક્ટ હેઠળ નોંધાયેલ છે અને સોસાયટી રાજ્યનાયું અધિનિયમ હેઠળ જે ચેરિટી કમિશનર ઓફિસ સમક્ષ રજિસ્ટર થયેલ છે. સોસાયટી રજિસ્ટ્રેશન એકટની કલમ ૧૫ હેઠળ જે વ્યક્તિ ચેરિટી કમિશનર ઓફિસ હેઠળ નોંધાયેલ સોસાયટીના સભ્યો છે. જો તેમણે ફી ન ભરી હોય તો તેઓ ચૂંટણી ફોર્મ ભરી શકતા નથી. જે સોસાયટીઓ રજિસ્ટર્ડ છે તેમાં હાઉસિંગ કો-ઓપ સોસાયટીઓ નથી પરંતુ તે બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ સોસાયટી હેઠળ હોવી જોઈએ.

આયુષ્યમાન યોજનામાં સારવાર પાછળ એક વર્ષમાં ૨૬૦૦ કરોડથી વધુનો ખર્ચ

। અમદાવાદ ।

ગુજરાતમાં વર્ષ ૨૦૨૨-૨૩ના અરસામાં ૯.૦૮ લાખ વ્યક્તિને વિવિધ બીમારીમાં પીએમ-જેએવાય અંતર્ગત સારવાર આપવામાં આવી છે. જેની પાછળ ૨,૨૨૩ કરોડથી વધુનો ખર્ચ થયો છે. એકંદરે સારવાર પાછળના ખર્ચમાં સતત જંગી વધારો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૦-૨૧માં ૮.૨૩ લાખ દર્દી પાછળ ૧,૧૩૨ કરોડ જેટલો ખર્ચ થયો હતો, આમ ગુજરાતમાં તબીબી સારવાર અત્યંત ખર્ચાળ બની રહી છે.

ગુજરાતમાં વર્ષ ૨૦૨૧-૨૨ના અરસામાં ૫.૫૮ લાખથી વધુ લાભાર્થીને સારવાર આપવામાં આવી હતી, જેની પાછળ ૧૫૮૭ કરોડ જેટલો ખર્ચ કરવામાં આવ્યો છે. સરકારના આરોગ્ય વિભાગના ડેટા પ્રમાણે ગુજરાતમાં ૨.૩૪ કરોડ આયુષ્યમાન કાર્ડ ઈશ્યુ કરવામાં આવ્યા છે.

ક્લાસિફાઇડ

વ્યવસાયલક્ષી

કલાસિસ

વૈદિક ગણિત, માનસિક ગણતરી, બાયનરી નંબર, ગણિત સોફટવેર, ટેઝામ શિખો. વિવિધ ક્યુબ્સ શિખો. ઓનલાઈન- ઓફલાઈન આંતરરાષ્ટ્રીય કોર્સિસ. સંપર્ક 9151615715 0040412608

જ્યોતિષ

જ્યોગ્રા Astrologer Mohit Joshi તાંત્રિક વિધિથી પ્રસ્થર જેવી કઠિન સમસ્યાનું કોન ઉપર રર કલાકમાં સમધાન તમામ પ્રકારના ભય ઉકેલવા ૬ ઉપરાંત ૬ વ્યવસાય ધારેલું મિલન ૬ ઉમેરીને પરમીશન લગ્નાદિ લોગવાની ૬ છુટાછેડા ૬ મોહિની વશીકરણ ૬ જીત મુકિત ૬ જણેલા નિકાલ ગુપ્તદાન ૬ મારા પ્રાપ્તિ ૬ ગરકાલન સાસરીનગર-અમદાવાદ 9867 501 555 81072 90184

મહાકાલી શિવ જ્યોતિષ (કાલી ઉપાસક) ૧૦૦% મેરી સારી પ્રશ્નોમાં કામ લવ-પ્રોબ્લેમ, એક તરફી પ્રેમ છુટાછેડા, મેલી વસ્તુ, પતિ-પત્નીની ઝગડો, ગુપ્તધનના જાણકાર, ધારેલી સ્ત્રી સ્ટ્રોન વશીકરણ રપે. ધરેલેલ કોઈપણ કામ (રેલવે ઉપાય) સમસ્યાકિક, તાંત્રિક, કાલી વિદ્યાથી કામ બસ કાર્ય કી માં (લાઈવ) 70997 06447



મહાદેવ જ્યોતિષ ૨૪ કલાકમાં કામની ગેરંટી લવ પ્રોબ્લેમ પ્રોપર્ટીવાદ ગુપ્તધનની કાર્યપૂરા કરવામાં આવશે પતિ-પત્ની પરવર જેવા કઠીન લવ પ્રોબ્લેમ, મૂઠવાળ, છુટાછેડા લગ્ન-રુકાવટી કુરાવટ, ધારેલી કાલાકામ દરદુ છોડવો, સોતનનાશ, સંતાન પ્રાપ્તિ અઢેક, મેલીવસ્તુ, કુલાચેલા નાશ સ્ટ્રોન વશીકરણ પ્રેમમાં નિરાશા ખાસ ૧૦ એકાકામ ૧૦૦૧૧૧૧ 9328203522

વાંચકોએ નોંધ લેવી કે કોઈ પણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંહેધરી આપતા નથી. વાંચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- જાહેરખબર મેનેજર

CLASSIFIED Display

CHANGE OF NAME

I VISHAL PRABHULAL THACKER RESIDING AT NAVILINE, JUNAVAS, MADHAPAR-BHUJ (KUTCH) 370020. HAVE CHANGED MY NAME FROM VISHALKUMAR PRABHULAL THACKER TO VISHAL PRABHULAL THACKER

CHANGE OF NAME

I, FESALCHHA PIR MOTHALA TAL.ABDASA KUTCH PREVIOUSLY I KNOWN AS FAISABSHAH ACHHAFARCHHA PIR NOW I CALLED AS FESALCHHA PIR.

તરણ એક

ફોર્મ એ
સાર્વજનિક જાહેરાત
(ડીબેન્ચર ધારકોની ઓર્ડર ઓફ ધ્યાનની ઓર્ડર મુદ્દે ધ્યાનિત
(કોર્પોરેટ વ્યક્તિઓની ઓર્ડર ઓફ ધ્યાનની ડિસ્ક્લોઝર પ્રોસેસ) નિયમો, ૨૦૧૬ના નિયમન ૧ હેઠળ)

વદરાજ સિમેન્ટ લિમિટેડના કંડિડેટોની જાણ માટે

	સંગઠિત વિગતો
૧.	કોર્પોરેટ ડેબ્ટરનું નામ	વદરાજ સિમેન્ટ લિમિટેડ
૨.	કોર્પોરેટ ડેબ્ટરના કન્ટ્રોલિંગ્સની તારીખ	૧૬/૦૪/૧૯૯૬
૩.	સંબંધિત જોગવાઈ હેઠળ કોર્પોરેટ ડેબ્ટર લોન્ચ/કોર્પોરેટ/રજિસ્ટ્રાર કલ્ચ છે કે	રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ-મુંબઈ
૪.	કોર્પોરેટ ડેબ્ટરની કોર્પોરેટ આઈડેન્ટિટી નં./ લિમિટેડ લાયબિલિટિ આઈડેન્ટિફિકેશન નં.	U36941MH1996PLC185707
૫.	કોર્પોરેટ ડેબ્ટરની રજિસ્ટર્ડ ઓફિસ/ ઓફિસનું મુખ્ય સ્થળ (જો હોય તો)	ગોયલ મહા, વોર્ડોરૂમ કોમ્પ્લેક્સ પોઈન્ટ, વસ્યામાર્ગ મરાઠી માર્ગ, પ્રભાદેવી મુંબઈ, મુંબઈ, મહારાષ્ટ્ર-૪૦૦૦૨૫
૬.	કોર્પોરેટ ડેબ્ટરની બાબતે કાર્યવાહીની તારીખ	૦૨/૦૨/૨૦૨૪
૭.	ઈન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રોસેસ પછી રાખવાની અંદાજિત તારીખ	૩૧/૦૭/૨૦૨૪
૮.	ધારાધોરણ રિઝોલ્યુશન પ્રોફેશનલ તરીકે કાર્યરત કાર્યરત્યોગ્યની પ્રોફેશનલનું નામ અને રજિસ્ટ્રેશન નંબર	પુકાલિત ગુપ્તા IBBI/IPA-001/IP-P02364/2021-2022/13697
૯.	ધારાધોરણ રિઝોલ્યુશન પ્રોફેશનલનું ઓફિસ સ્થળ અને ઈ-મેલ	**સમ્પણ